COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone :** +91-02836-220977, 220735 • **Mobile :** 99250 37814 • **Fax :** 220888
**e-mail :** info@gccikandla.com • **Website :** www.gccikandla.com


No. GCCI / 487

તા.૦૫.૦૧.૨૦૧૭

| | |
|---|---|
| શ્રી વિજયભાઈ રૂપાણી,<br>માનનિય મુખ્યમંત્રીશ્રી,<br>ત્રીજે માળે, સ્વર્ણિમ સંકુલ -૧,<br>નવા સચિવાલય,<br>ગાંધીનગર - ૩૮૨૦૧૦ | શ્રી. નિતિનભાઈ પટેલ,<br>માનનિય નાયબ મુખ્ય મંત્રીશ્રી,<br>ગુજરાત રાજ્ય,<br>તથા મંત્રીશ્રી નાણાં, માર્ગ અને મકાન,<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહ<br>નિર્માણ,પાટનગર યોજના, નર્મદા અને<br>કલ્પસર,<br>સ્વર્ણિમ સંકુલ – ૧, ૨જે માળે,<br>નવા સચિવાલય,<br>ગાંધીનગર – ૩૮૨૦૧૦ |

**વિષય: આગામી બજેટ સંદર્ભે કચ્છ જિલ્લાને લગતા સુચનો**

માનનિય શ્રી,

આપ જાણો જ છો કે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી છેલ્લા ૬૪ વર્ષથી કંડલા – ગાંધીધામ વિસ્તારનાં વેપાર-ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓને કેન્દ્ર તથા રાજ્ય સ્તરે લઈ જઇ તેમની વચ્ચે એક સેતુ તરીકે કાર્ય કરે છે. તથા આ વિસ્તારમાં આવેલા ઉદ્યોગોને લગતા વિવિધ પ્રશ્નોનાં ઉકેલ માટે સતત પ્રયત્નશીલ છે. આ સંદર્ભે અમો આગામી બજેટ ૨૦૧૭-૧૮માટે કચ્છ જિલ્લાનાં વિકાસ માટે અમારા મંતવ્યો નીચે મુજબ રજુ કરી રહ્યા છીએ.

**૧) ઔદ્યોગિક વિકાસ માટે ખાસ રાહત પેકેજ**

સરહદી કચ્છમાં ભયાનક ભૂકંપ પછી કેન્દ્ર, રાજ્ય સરકારની વિશેષ કરરાહતોને કારણે સંખ્યાબંધ ઉદ્યોગો આવ્યા. કચ્છ, ઔદ્યોગિક વિકાસનું ગ્રોથ એન્જીન લેખાવા લાગ્યું પરંતુ સમયને સથવારે અનેક ઇન્ડસ્ટ્રીઝ ડચકાં ખાવા લાગી. હાલમાં તો અનેક નાના મોટા સંખ્યાબંધ ઉદ્યોગો બંધ પણ થઈ ગયા છે. જ્યારે બીજા અનેક ઉદ્યોગો મૃતઃપ્રાય સ્થિતિમાં છે અથવા બંધ થવાની તૈયારીમાં છે. આ પરિસ્થિતિમાં બદલાવ લાવવાની તાતી જરૂરીયાત છે. આ માટે કરરાહતનું પેકેજ વિશેષ પ્રોત્સાહનો સાથે લાવવાની સમયની માંગ છે. આવા પરિણામ સ્વરૂપે આ ઉદ્યોગોમાં પ્રાણ ફુંકાશે અને પોર્ટ આધારીત નવા ઉદ્યોગ વિકાસવવાની જે સોનેરી તકો કચ્છમાં ઉપલબ્ધ છે તે પણ ઝડપથી વિકાસ પામશે.

—— COPY ——

HE GANDHIDHAM
CHAMBER OF COMMERCE & INDUSTRY
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI /



**૨) રામબાગ હોસ્પીટલને અપગ્રેડા કરવા બાબતે**

ભૂકંપમાં ધ્વસ્ત થયેલ રામબાગ હોસ્પીટલનું ઇન્ડીયન મેડીકલ એશોસીયેસનનાં સહયોગથી પુન:નિર્માણ કરવામાં આવ્યું છે. આ હોસ્પીટલમાં સ્ટાફની ઘટ, અદ્યતન વૈદકિય સાધનોની કમી તથા અન્ય માળખાકીય સવલતોનાં અભાવથી સમાજનાં ઉપેક્ષિત વર્ગનાં બિમાર લોકોને અન્ય ખાનગી હોસ્પીટલમાં જવું પડે છે, જે ભારે ખર્ચાળ છે. આથી, રામબાગ હોસ્પીટલને અપગ્રેડ કરવાની તાતી જરૂરીયાત છે.

**3) ગાંધીધામ નગરપાલીકાને ફંડની ફાળવણી**

વિસ્તારની દ્રષ્ટીએ રાજ્યની અન્ય સઘળી નગરપાલીકાઓ કરતાં ગાંધીધામનો વિસ્તાર સૌથી વધારે છે. ઝડપી ઔદ્યોગીકરણને કારણે ધંધા-રોજગાર અર્થે હજારો લોકો દેશભરથી આવી અંહી સ્થાયી થયા છે. આ ઉપરાંત જનસંખ્યામાં અસ્થાયી વસ્તી પણ ખૂબ જ વધારે છે. આથી વાસ્તવિક જનસંખ્યા ચાર લાખ કરતાં પણ વધારે છે.

શહેરનાં વિવિધ વિસ્તારોનાં માર્ગો, ડ્રેનેજ લાઇન, પાણી પુરવઠાની લાઇનોની હાલત બદતર છે. હાલ નગરપાલીકાના આવકાનાં સાધનો ટાંચાના છે. તેની માલીકીની જમીન પણ નથી. તેથી વિકાસનાં કામો થતા નથી. આથી ગાંધીધામ નગરપાલીકાને યોગ્ય જરુરીયાત મુજબનાં ફંડની વિશેષરૂપે ફાળવણી કરવાથી સંકુલની વિકાસયાત્રા વેગ પકડશે.

**૪) ડિઝલ, પેટ્રોલ ઉપર વેટનાં દર ઓછા કરવા**

ડિઝલ અને પેટ્રોલનો આજની માનવીય જીંદગીમાં રોજીંદા વપરાશમાં ખૂબ જ મહત્વનો ફાળો છે. ડિઝલ અને પેટ્રોલ ઉપર જે ડ્યૂટી અથવા ટેક્ષ વસૂલવામાં આવે છે તેને લીધે જીવન જરૂરીયાતની અને અન્ય વસ્તુઓની કિંમત ઉપર તેનું ભારણ પડે છે આથી, ડિઝલ, પેટ્રોલ ઉપર વેટનાં દર ઘટાડવાની તાતી જરૂરીયાત છે જેથી કરીને બજારમાં જીવન જરૂરીયાતની વસ્તુઓનાં ભાવ અંકુશમાં રહે અને ગરીબ, મધ્યમવર્ગના લોકોને આથી રાહત મળે.

—— COPY ——

**[T]HE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY**
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

**No. GCCI /**



૫) ટીમ્બર ઉપર વેટનાં દર ઘટાડવા

હાલમાં ટીમ્બર ઉપર વેટનો દર જે ૮% છે તેને ઘટાડી ૫% કરવો અત્યંત જરૂરી છે. હાલમાં ટીમ્બર ઉદ્યોગ મંદીમાંથી પસાર થઈ રહ્યો છે. ગુજરાતમાં ટીમ્બર ઉદ્યોગે હરણફાળ પ્રગતિ નોંધાવેલ છે. આ ઉપરાંત ગુજરાતમાં ટીમ્બર ઉદ્યોગનાં વિકાસની પણ ઉજળી શક્યતાઓ છે. આથી ટીમ્બર ઉપરનાં વેટના દર ઘટાડવાથી આ ઉદ્યોગમાં નવો પ્રાણ ફૂંકશે.

આશા રાખીયે છીએ કે અમારા ઉપરોક્ત સૂચનોને ધ્યાનમાં લઈ તેને લગતી યોગ્ય ફાળવણી આગામી બજેટમાં કરશો એજ અપેક્ષા સહ....

આભાર સહ....

આપનો વિશ્વાસુ,

દિનેશ ગુપ્તા

પ્રમુખ

નકલ રવાના: પ્રમુખ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ